જન્મદિને વધામણી

રમેશચંદ્ર વેણીશંકર ભટ્ટ
મો. ૯૪૨૭૦ ૦૧૩૨૭

દેવેન્દ્ર ડુંગાણી
મો. ૯૯૦૯૦ ૩૪૪૯૦

જશન ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪

મંથન ભરતભાઈ પરમાર


ટ્વિંકલ ભરતભાઈ પરમાર

સ્પેશિયલ ખેલ મહાકુંભ અંતર્ગત મનોદિવ્યાંગો માટે રાજ્યકક્ષાની ટુર્નામેન્ટનો આજથી પ્રારંભ

જિલ્લાના ૧૪૭ ખેલાડીઓ રાજ્યકક્ષાની સ્પર્ધામાં

ગાંધીનગર, તા. ૧૪

સ્પેશિયલ ખેલ મહાકુંભ અંતર્ગત મનોદિવ્યાંગ ખેલાડીઓ માટે રાજ્યકક્ષાની ટુર્નામેન્ટ શનિવારથી ગાંધીનગર અને અમદાવાદ ખાતે યોજાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લાની ટીમ પણ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે, જે ગાંધીનગરના ઈતિહાસમાં સૌથી મોટી ટીમ છે. ૧૪૭ જેટલા ખેલાડીઓ આ ટીમમાં આ વખતે સામેલ થયા છે. આ ખેલાડીઓ ઍથ્લેટિક્સ, સાઈકલિંગ, બોચી, બૅડમિંટન, ટેબલ-ટૅનિસ, ફૂટબૉલ, હૅન્ડબૉલ, સૉફ્ટબૉલ ક્રિકેટ જેવી રમતોમાં ભાગ લઈ રહ્યા છે.

આ ખેલાડીઓને તેમના સ્પેશિયલ ઍજ્યુકેટર્સ દ્વારા તાલીમ આપીને તૈયાર કરવામાં આવ્યા છે.

ગાંધીનગરની ટીમને જિગ્નેશ વસંત રાવલ અને વિનોદભાઈ ચૌધરીની રાહબરી હેઠળ વિશ્વાસ મિસ્ત્રી અને પૌરીન પટેલ લીડ કરી રહ્યા છે.

સ્પર્ધા અગાઉ શુક્રવારે ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી રાકેશભાઈ ચૌધરીએ જિલ્લાની આ સમગ્ર ટીમને રાજ્યકક્ષાની આ સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

સ્પર્ધા અંતર્ગત શનિવાર, તા. ૧૫ ડિસેમ્બરના રોજ બેડમિન્ટનની સ્પર્ધા ગૂજરાત વિદ્યાપીઠ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાશે. નેશનલ લો યુનિવર્સિટી ખાતે ૧૭મીએ સાઈકલીંગ, ટેબલ ટેનિસ, સોફ્ટબોલ અને ફૂટબોલની સ્પર્ધા, ૧૮મીએ ક્રિકેટ અને હેન્ડબોલ અને ૧૯મીએ બોચીની સ્પર્ધા યોજવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, અમદાવાદ ખાતે ૨૦મીએ ૨૫ મીટર દોડ, ૫૦ મીટર દોડ, ૫૦ મીટર વૉક, ૧૦૦ મીટર વૉક, સૉફ્ટબૉલ થ્રો અને ૨૧મીએ ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ૮૦૦ મીટરદોડ, ગોળાફેંક અને લાંબા કૂદકાની સ્પર્ધા યોજવામાં આવશે.

બાલવિજ્ઞાન કોંગ્રેસના ઉપક્રમે આયોજિત સ્પર્ધામાં

આર જી સ્કૂલની બે વિદ્યાર્થિનીઓ રાષ્ટ્રકક્ષા સુધી પહોંચવામાં સફળ

ગાંધીનગર, તા. ૧૪

રાષ્ટ્રીય બાલવિજ્ઞાન કોંગ્રેસના ઉપક્રમે યોજાયેલી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં શ્રીમતી આર જી પટેલ કન્યા શાળાની વિદ્યાર્થિની શ્રીયા વી આચાર્ય અને જાગૃતિબા ડી ઝોલા દ્વારા 'અંધશ્રદ્ધા અને દંતકથાઓનો અભ્યાસ અને નિવારણ' વિષય પર સંશોધન નિબંધ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓ, રૂઢિગત પ્રણાલીઓ, ધર્મના નામે થતી ખોટી માન્યતાઓ વગેરેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ માટે ચોક્કસ વૈજ્ઞાનિક માપદંડ પ્રમાણે પ્રશ્નાવલી બનાવવામાં આવી હતી અને પસંદ કરેલા વ્યક્તિઓના અભિપ્રાય પૂછવામાં આવ્યા હતા. સંશોધનના હેતુઓ નક્કી કરી તેને આધારે મળેલી માહિતીનું પૃથ્થકરણ માર્ગદર્શન શિક્ષકની મદદ લઈ કરવામાં આવ્યું હતું.

આ નિબંધની વિસ્તૃત રજૂઆત ગૂજરાત વિદ્યાપીઠ ખાતે કરવામાં આવી હતી, જ્યાં આ પ્રોજેક્ટની પસંદગી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી.

સમગ્ર પ્રોજેક્ટ તૈયાર કરવામાં માટે શિક્ષક દિનેશભાઈ પટેલ, વિજ્ઞાન શિક્ષકો, આચાર્ય ગિતેષભાઈ પટેલ અને નિસર્ગ સાયન્સ સેન્ટરનો અગત્યનો ફાળો રહ્યો હતો.

શેઠ સી ઍમ હાઈસ્કૂલમાં શૈક્ષણિક સંકલન શિબિર

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી ઍમ હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલના ચાલુ શૈક્ષણિક વર્ષના ધોરણ-૯,૧૦ના વિદ્યાર્થીઓના વાલીઓને સાથે રાખી શૈક્ષણિક સંકલન શિબિરનું આયોજન ખીમજી વિશરામ હૉલમાં કરવામાં આવ્યું હતું, જેમાં ૧૪૦૦ જેટલા વાલીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરની શરૂઆત વાલીઓના હસ્તે દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાની રજૂઆત કરવામાં આવી હતી.

આચાર્ય ડૉ. ચેતના બુચે સંસ્થાની સ્થાપના, ઉદ્દેશ, ધ્યેય અને ગાંધીનગરમાં સ્કૂલની સ્થાપના તથા પ્રગતિની જાણકારી વાલી અને વિદ્યાર્થીઓને આપી શુભેચ્છા પાઠવી હતી. તેમણે વિદ્યાર્થીઓ ઍસઍસસીની પરીક્ષામાં અત્યારથી જ કેવી રીતે તૈયારી કરી ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી શકે તે અંગે વિશદ માર્ગદર્શન આપ્યું હતું.

સુપરવાઈઝર દશરથભાઈ પટેલે ટૂંકી બોધકથા દ્વારા પ્રેરણાદાયક સૂચનો કર્યાં હતાં. શિક્ષક કનુભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, મહેશભાઈ વડાલિયાએ ધોરણ-૧૦માં ઍફએ-૧,૨,૩,૪ અને ઍસ-૧, ઍસ-૨ ગુણાંકન પધ્ધતિની સંપૂર્ણ સમજૂતી આપી વિષયવાર બૉર્ડની પરીક્ષા પધ્ધતિથી માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓ, વાલીઓને વાકેફ કર્યા હતા. શિબિરમાં વાલીઓનાં મંતવ્યો પણ લેવામાં આવ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વંદનાબેન મેવાડા દ્વારા, આભારવિધિ રમેશચંદ્ર ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

ઍમ બી પટેલ સ્કૂલમાં શિયાળુ રમતોત્સવ

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં સંસ્થાના આદ્યસ્થાપક પૂ. દાસકાકાની યાદમાં શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્દઘાટક તરીકે ભારતીય ખેલ પ્રાધિકરણ પશ્ચિમ વિભાગના ઈન-ચાર્જ ડિરેક્ટર વીરસિંહ ચૌહાણ, મહેમાન તરીકે બૅડમિન્ટન ચીફ કોચ દિનેશભાઈ બડમલિયા ઉપસ્થિત રહ્યા હતા.

વીરસિંહ ચૌહાણે પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનમાં વિદ્યાર્થિનીઓને જીવનમાં રમતનું ખૂબ મહત્ત્વ છે એવી શીખ આપી શરીરને નિરોગી કેવી રીતે રાખી શકાય તેની વિસ્તારપૂર્વક વાત કરી હતી. આચાર્ય નીવાબેન પટેલના માર્ગદર્શનમાં સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. હંસાબેન, સતીષભાઈ, ચંદ્રેશભાઈએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ધોરણ-૮ની વિદ્યાર્થિનીઓએ સંગીત સાથે લેઝીમ દાવ, પિરામીડનું નિદર્શન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન મદદનીશ શિક્ષક ચંદ્રકાન્તભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

મોડલ કે ઍક્ટર બનવા શું કરવું ?

નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com questions.careercorner પર.

૧. હું હાલ મારા ગામમાં રહીને પ્રાઈવેટ જોબ અને સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી પણ કરું છું. શું હું સુરત જઇ ને વધુ સારી જોબ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી કે મારા ગામમાં જ રહીને જોબ સાથે તૈયારી કરું?

- નિકુંજ પટેલ, કડી

નિકુંજ ,આપના જણાવ્યા પ્રમાણે આપ હાલ આપના ગામમાં જોબ કરી રહ્યા છો અને સાથે સાથે પરીક્ષાની તૈયારી પણ કરી રહ્યા છો જે ઘણી સારી બાબત છે.આપનો એક પ્રશ્ન એ પણ છે કે શું આપ જોબ મૂકીને ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો કે નહીં? તો અમારા મત મુજબ એ નિર્ણય શત પ્રતિશત સાચો ના પણ હોઈ શકે કારણકે જો જોબ અને અન્ય કામકાજ સિવાય આપની પાસે દિવસમાં જો ૩ થી ૪ કલાકનો સમય વધે છે તો એ પરીક્ષાની તૈયારી કરવા માટે સામાન્ય રીતે પર્યાપ્ત છે.

એટ્લે કે સામાન્ય રીતે એક માણસ જો એક વખત પરીક્ષાની તૈયારી કરું ચૂક્યો હોય (જે આપ કરી ચૂક્યા છો) તો તેને જોબ સાથે પરીક્ષા પાસ કરવામાં તકલીફ ના થવી જોઈએ. એ સિવાય આપનો બીજો પ્રશ્ન એ પણ છે કે સુરત જઈને વધુ સારા પગારવાળી જોબ કરવી અને સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પણ કરવી અથવા ગામમાં રહીને જોબ ચાલુ રાખીને તૈયારી કરવી? આનો એક જવાબ એ હોય શકે કે સૌપ્રથમ આપ દરેક પાસા ચેક કરી લો કે સુરત ગયા પછી આપની પાસે પરીક્ષાની તૈયારી માટે પર્યાપ્ત સમય મળી શકશે કે કેમ? બની શકે કે ત્યાં ગયા પછી આપને જોબ સિવાય પણ આપના અંગત કામમાં પણ સમય આપવો પડે જેમ કે રેહવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા વિગેરે અને બની શકે આપને વાંચનનો એટલો સમય ના મળે. આ વિષે અમારો અંગત મત એ છે કે આપ સુરત જવા ના બદલે પોતાના ગામમાં રહીને જ જોબ ચાલુ રાખો અને પરીક્ષાની તૈયારી કરો એ વધુ હિતાવહ રહેશે. જો દુર્ભાગ્યવશ આપ કોઈ પરીક્ષા માં ઉત્તીર્ણ થઈ શકતા નથી તો આપ પ્લાન 'બી' તરીકે સુરત જઈને આપના ક્ષેત્રની કોઈ સારી કંપનીમાં જોબ કરી શકો છો. અગત્ય ની વાત એ છે કે ગામમાં રહીને જોબ સાથે તૈયારી કેટલા સમય સુધી કરશો તેનું એક લક્ષ્ય નક્કી કરો. દાખલા તરીકે આપે નક્કી કર્યું કે આપ ૧ વર્ષમાં કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરીજ લેશો અને જો કોઈ પરીક્ષા પાસ ના થાય તો તમે નવી સારી જોબ તરફ આગળ વધશો. આ સમય એક વર્ષ રહશે કે છ મહિના કે બે વર્ષ વિગેરે એ આપે નક્કી કરવાનું રહશે. જોબ અને પરીક્ષાની તૈયારી સાથે કરવી એ સરળ નથી પણ શક્ય છે અને અમારા મત મુજબ હિતાવહ પણ છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૨. હું સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરું છું પણ દર વખતે ૨ અથવા ૩ માર્કસ ઓછા પડે છે અને પરીક્ષા પાસ કરી શકતો નથી. શું કરવું?

- પ્રવીણકુમાર સાધુ, સૂઈગામ, જિલ્લો બનાસકાંઠા

પ્રવીણ,આપે જણાવ્યુ એ પ્રમાણે આપ દર વખતે ગુણ થોડા ઓછા આવવાને કારણે પરીક્ષા પાસ કરી શકતા નથી. તો એક વાત તો ફલિત થાય છે કે આપ જે દિશામાં મેહનત કરી રહ્યા છો તે એકદમ સાચી છે. ફક્ત જે થોડી કચાશ રહી જાય છે એ દૂર કરવાની છે. આપને જણાવી દઈએ કે એવા ઘણા વિધ્યાર્થીઓ છે જેઓ થોડા માર્કસ માટે પરીક્ષા પાસ કરી શકતા નથી પણ આપે મેહનત છોડ્યા વગર સતત મેહનત ચાલુ રાખવાની રહશે. એક દિવસ આપને સફળતા ચોક્કસ મળશે. સ્વામી વિવેકાનંદના એક વાક્યનું અહિયાં ઉલ્લેખ કરીશું' ''ઉઠો ,જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો''. હવે આપના પ્રશ્નના નિરાકરણની વાત કરીએ તો સૌપ્રથમ આપ એ નક્કી કરો કે એવા કયા વિષયો છે જેના કારણે આપ ઉત્તીર્ણ થઈ શકતા નથી. એ વિષયો પર આપ વધારે મેહનત કરીને એ ખામીને પૂરી શકો છો. જેમકે આપ ગણિતમાં વધુ માર્કસ લાવી શકતા નથી તો આજથી જ એ વિષયની અથાગ પ્રેક્ટિસ શરૂ કરો અને મેહનત કરીને એ વિષયમાં મહત્તમ માર્કસ લાવવાનો પ્રયાસ કરો. તેની સાથે એ વિષય જેના પર આપની મજબૂત પકડ છે તે વિષયમાં જો હજુ તમારા માર્કસ વધારી શકાય છે કે નહીં તે ચકાસો. જો શક્યતા હોય તો આપના મજબૂત પકડવાળા વિષયમાં પણ આપ પોતાના માર્કસ વધારી શકો છો. તેના માટે પણ પ્રેક્ટિસ જરૂરી છે. એક અન્ય બાબત એ છે કે આપ બની શકે એટલા વધુ મોક પેપર (મોક ટેસ્ટ) આપવાનો અને ટેસ્ટ આપ્યા પછી તેનું વિગતવાર વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરો જે તમને ચોક્કસ સફળતા પ્રાપ્ત કરવા માટે ઉપયોગી નિવડશે. વધુ માં જણાઈએ તો કોઈ પણ પરીક્ષામાં આપ કેટલા પ્રશ્નોના જવાબ લખો છો એના કરતા કેટલા પ્રશ્નોના જવાબ નથી લખતા એ મહત્વનું છે કારણકે દરેક સ્પર્ધાત્મક પરીક્ષામાં ખોટા પ્રશ્નોના અમુક માર્કસ માઈનસ (ઓછા) થતાં હોય છે તો આપ પરીક્ષામાં એજ પ્રશ્નોના જવાબ આપો જેના ઉપર આપને સો ટકા ખાતરી હોય જેથી આપના કોઈ વધારાના માર્કસ માઈનસ ન થઈ શકે. આમ આપ ઉપરની બાબતો પર ધ્યાન આપીને પરીક્ષા આપશો તો ચોક્કસ સફળતા પ્રાપ્ત કરશો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૩. હું ધોરણ ૧૦ પાસ છું. મોડલ અથવા એક્ટર બનવા માટે શું કરવું જોઈએ?

- હિતેશ કુમાર, સુરત

હિતેશ, સૌ પ્રથમ એ જણાવવા માંગીશું કે મોડલ અને એક્ટર એ બંને અલગ-અલગ ક્ષેત્ર છે. આપ ફક્ત મોડેલ પણ બની શકો છો અને ફક્ત એક્ટર પણ બની શકો છો. એક્ટર બનવા માટે મોડેલ હોવું જરૂરી નથી અને તેવી જ એક્ટર હોવ તો મોડલ બનશો જ તેવું જરૂરી નથી. હવે સૌપ્રથમ મોડલની વાત કરીએ તો મોડલ બનવા માટે સૌપ્રથમ અને સૌથી મહત્વની વસ્તુ છે આપનું સંતુલિત શરીર એટ્લે કે આપની ઊંચાઈ અને વજન ખૂબ વધુ પણ ના હોવું જોઈએ અને ખૂબ ઓછું પણ ના હોવું જોઈએ. છોકરા અને છોકરી માટે સામાન્ય ઊંચાઈ અનુક્રમે ૫ ફૂટ ૮ ઇંચ અને ૫ ફૂટ ૪ ઇંચ હોય છે. ઊંચાઈ જો ૬ ફૂટની આસપાસ હોય તો વધુ સારું ગણાય છે. સંતુલિત શરીર માટે આપે નિયમિત કસરત અને સંતુલિત આહાર લેવો જરૂરી છે. ઘણા લોકો શરીર ને મજબૂત બનાવવા માટે જિમમાં જતાં હોય છે તો ઘણા લોકો યોગ કરે છે. બીજી વાત એ કે આપની 'ઝીરો ફિગર' હોય અથવા આપના 'સિક્સ પેક એબ્સ' હોય તોજ આપ મોડલ બની શકો છો એ બાબત એક મિથ્યા છે. ઉપર જણાવ્યા મુજબ, એક સંતુલિત શરીર હોવું જરૂરી છે. અમુક ઉમેદવારો મોડલિંગ એજન્સીના સહારા સાથે પોતાની એક 'પ્રોફેશનલ પ્રોફાઈલ અથવા પોર્ટફોલિયો' પણ બનાવતા હોય છે. બજારમાં એવી પણ ઘણી પ્રાઈવેટ મોડલિંગ એજન્સી ઉપલબ્ધ છે કે જે તમને તમારો પોર્ટફોલિયો તૈયાર કરી આપે છે એટ્લે કે જેમાં આપના અલગ-અલગ ઍંગલથી ફોટો મૂકવામાં આવેલ હોય છે અને તમારો બાયોડેટા આકર્ષક રીતે તૈયાર કરી આપે છે. એક વસ્તુ અહિયાં કહીશું કે માર્કેટમાં અમુક એવી લેભાગુ એજન્સી પણ હોય છે જે આપને છેતરી પણ શકે છે તો આપ જે પણ એજન્સીનું ચયન કરો છો તેના વિષે સંપૂર્ણ માહિતી જરૂર મેળવી લેજો. અને મોડલિંગ એજેંસીનો સહકાર લેવો તે ફરજિયાત નથી. બીજા ક્ષેત્રની વાત કરીએ તો એક્ટ્રેસ અથવા એક્ટર બનવા માટે એક મીથ એટલે કે માન્યતા એ પણ છે કે આપની પાસે સુંદર ચેહરો હોવો જરૂરી છે. સુંદર અને આકર્ષક ચેહરો હોય તો તે સારી વાત છે પણ તે જરૂરી નથી. તેના ઉધારણનો આપને ખ્યાલ હશે જ. ફિલ્મ અને ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીમાં આપની પાસે એવા ઘણા ઉદાહરણ ઉપલબ્ધ છે કે જેઓ પાસે સિક્સ પેક બોડી ન હોવા છતાં ઉમદા અભિનેતા છે અને સફળતા પ્રાપ્ત કરી ચૂક્યા છે. એક્ટર બનવા માટે અમુક સ્કૂલ અને કોલેજ પણ હોય છે જે આપને એક્ટર બનવા માટે ટ્રેનિંગ આપે છે. પૂણેમાં આવેલ ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અનુપમ ખેરનું એક્ટર પ્રિપેર્સ વિગેરે સંસ્થાઓમાં પણ આપ એડમિશન લઈને ઉમદા

આભાર - નિહારીકા રવિયા

ટ્રાઈનીંગ પ્રાપ્ત કરી શકો છો. આ બંને ક્ષેત્રમાં આપને સખત અને સતત મહેનત કરવાની હોય છે. આપ એ ક્યારેય પણ નિરાશ અથવા નાસીપાસ થયા વગર ધિરજ રાખીને મહેનત ચાલુ રાખવી જરૂરી છે જેથી આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ભણતર હોવું જરૂરી નથી પણ જેટલું ભણતર હોય તેટલું સારું રહે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

ઈમેલ : questions.careercorner@gmail.com
WhatsApp : 8849221653
Facebook: www.facebook.com/questions.careercorner

અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૫૪મો મણકો ॥

આરંભ કર્યો તો આપણે નરસિંહ મહેતાથી ને આજે છેલ્લે દિવસે આરંભ કરીશું ઉમાશંકર જોષીથી. જે ગીત ગવાશે એ ગીતની જ પહેલી લીટી એ મેં ગાંધીજીનું જે બૃહદ જીવનચરિત્ર લખ્યું છે એનું શીર્ષક છે : મારું જીવન એ જ મારી વાણી. ૭૫ ગાંધીકથામાં કોઈ બે ગાંધીકથા સરખી નથી, કોઈક ને કોઈક જુદાપણું હોય. કોઈક વસ્તુ સામાન્ય હોય, પણ જુદાપણુંય હોય. કોણ શ્રોતા હશે અને એ મુજબ તૈયારી કરવાનો અંદાજ કેટલીક વાર ખોટો પણ પડે પણ છતાં એ જો ખોટો પડે એમ હું શ્રોતાઓમાં જોઉં. દા.ત. દિલ્હીની ગાંધીકથા વખતે મેં એમ વિચાર કર્યો તો કે રાજકારણના લોકો, પાર્લામેન્ટના લોકો આવશે. પણ અઢી હજાર શ્રોતાઓમાંથી બે હજાર તો વિદ્યાર્થીઓ જ હતા. એટલે તૈયારી તો એ જ રાખી, પણ પલટાવી નાખી. એટલે પૂછે કે જુદી જુદી વાતો ક્યાંથી કરો છો ? એ જાણવું હોય તો 'મારું જીવન એ જ મારી વાણી' એ પુસ્તક જોજો, એમાં ઘણીખરી માહિતી અને આ કથામાં ન આવી હોય એવી ઘણી બધી માહિતી એમાંથી મળી રહેશે.



ગાંધીનું જીવન એટલે ચિત્તશુધ્ધિ અને સમાજક્રાંતિની ગંગા-જમનાનો સંગમ. જીવનના આરંભિક વર્ષોમાં મુખ્યત્વે ચિત્તશુદ્ધિના પ્રયાસ, એનું ધ્રુવબિન્દુ સત્યને શોધવા માટે, સમજવા માટે, પચાવવા માટેનો પુરુષાર્થ. દક્ષિણ આફ્રિકામાં પ્રવેશ કરતાંની સાથે જ એકોહમ બહુસ્યામ્. વ્યક્તિત્વ એમનું સામાજિક થાય છે અને ત્યારથી સમાજક્રાન્તિના અનેકવિચારો તેમના જીવનમાં ગૂંથાતા જાય છે. અને આજે આપણે એવે તબક્કે પહોંચ્યા છીએ કે જ્યાં ચિત્તશુદ્ધિ અને એમની દૃષ્ટિની સમાજક્રાન્તિ એ બે અભિન્ન થઈ જાય છે. જેમ જેમ એમનું પ્રેમક્ષેત્ર વધતું ગયું, વિસ્તૃત થતું ગયું તેમ તેમ એમના સ્વાર્થનું ક્ષેત્ર સંકુચિત થતું ગયું. જેટલું વધારે ક્ષેત્ર થયું, પ્રત્યક્ષ રૂપે દક્ષિણ આફ્રિકાનો જ જો નમૂનો જોઈએ તો ૧૦૫ પાઉન્ડ વર્ષે મળે તોય સારું એમ વિચારીને ગયેલો માણસ પાંચ છ હજાર મહિને પાડતો થયો ત્યાં સુધી પહોંચ્યો હતો એનું ક્ષેત્ર એ પેલું પોરબંદરનું કે રાજકોટનું ગાંધી પરિવાર તો ક્યારનું મટતું જતું હતું છેવટે એવા સ્થળ સુધી પહોંચ્યો કો એનું નામ જ એણે ટોલ્સટોય વાડી આપ્યું. અને આ નામ આપ્યું ત્યારે એની પાસે વ્યક્તિગત સંપત્તિ શૂન્ય હતી, બધી જ સંપત્તિનું એણે ટ્રસ્ટ કરી નાંખ્યું હતું. આ એવું ટ્રસ્ટ હતું કે જેને લીધે એમણે પોતાના મોટાભાઈને લખ્યું કે હવે કોઈ સંપત્તિ મારી રહેતી નથી, હું વિલાયત ગયો ત્યારે તમે તમારા ઘરનું ફર્નીચર વેચ્યું હતું, મારા ઘરમાંથી કસ્તૂરબાને તમે રાખ્યા હતા, બાળક પણ હતું. ત્યાર પછી પણ વર્ષેક દિવસ સુધી તમે જ બધું જ જોયું છે. મુંબઈ આવ્યા પછી તો મારી કોઈ ખાસ કમાણી પણ નહોતી. એટલે અહીં આવ્યા પછી મેં તમને નિયમિત રૂપે કંઈક ને કંઈક મોકલ્યું છે. અને તમે જે કંઈ ખર્ચ કર્યું છે તેનો હિસાબ - વાણિયાનો દીકરો હિસાબ ગણે તે રીતે - આખો હિસાબ ગણી એમાં ચક્રવૃદ્ધિ વ્યાજ જોડી જે રકમ થઈ તેનાથી બમણી રકમ હું તમને મોકલાવું છું પણ હવે પછી પૂર્ણવિરામ. પરિણામે મોટાભાઈને ઘણા સમય સુધી માઠું લાગ્યું'તું.

પરંતુ આ ક્રમ હતો, કે વ્યક્તિગત સ્વાર્થને બદલે એ સ્વાર્ત પહોળો થતો ગયો અને વ્યક્તિગત સંપત્તિનું કુંડાળું સાંકડું થતું ગયું, શૂન્ય થઈ ગયું. સત્યની શોધમાંથી અહીંસા લાધી અને અહીંસા જાળવી હોય તો પરિગ્રહ કરવો પોસાય નહીં, તેથી અપરિગ્રહ, અસ્તેય વગેરે શીખવા મળ્યા. અને તેનાથી એમના જીવનને ઘણી મોટી દેન પ્રાપ્ત થઈ, જેને આપણે સ્થૂળરૂપે જોઈએ તો સત્યાગ્રહ લઈને એ આવ્યા, એમણે દેશને રચનાત્મક કાર્યક્રમો આપ્યા અને એમણે આશ્રમો માટે શરૂ કરીને આખા દેશને માટે કે માનવજાત માટે એકાદશ વ્રતો આપ્યા. આ તેમની મોટી દેણ હતી. પણ તેમણે દેશને અભય આપ્યું, આત્મ સન્માન આપ્યું અને સમર્પણ કરવાની વૃત્તિ આપી. આ દેણ દેશની ભૌગોલિક સીમાઓ પાર કરી ચૂકી હતી. એમણે આપેલી આપેલી વસ્તુને બે શબ્દોમાં કહો તો એ જવાબ આપી શકે એમ હતા : કોઈકે ત્રણ શબ્દોમાં એમની જિંદગીનું સારતત્ત્વ પૂછ્યું હતું : તમે તમારી જિંદગીનો સાર ત્રણ શબ્દોમાં પૂછ્યો. આવા સવાલો શિક્ષકો કરતા હોય છે આ પણ હશે કોઈ ગાંધીજીનો શિક્ષક. અને અંગ્રેજી ભણેલો હશે. અંગ્રેજીમાં પૂછ્યો. ગાંધીજી પણ કંઈક રમૂજમાં આવ્યા હશે, કે આપણે પણ વિદ્યાર્થી તરીકે જવાબ આપીએ. તે કહ્યું : રિનાઉન્સ એન્ડ એન્જોય. ત્યક્તેન ભૂંજિથા : સંસ્કૃતમાં તો બે જ શબ્દોમાં થાય.

પણ બે જ શબ્દોમાં ગાંધી જવાબ આપત તો ગાંધી એમ જ કહેત : સત્ય અને અહિંસા. પણ એ બે શબ્દો તેમના માટે સમસ્ત પદ થઈને એક જ થઈ જતા હતા. એવી એમની સ્થિતિ. ત્યાં સુધી તો આપણે આવ્યા છીએ. અને એક જ શબ્દમાં તેમને કહેવું હોત તો કહેત સત્યાગ્રહ કહો. બે શબ્દો : સત્યાગ્રહ ને સર્વોદય. પણ આપણા દેશમાં પણ અને પરદેશોમાં પણ આ સત્યાગ્રહ અંગેની એક બહુ મર્યાદિત સમજ છે અને તે સમજ એ છે કે સત્યાગ્રહ એક અન્યાયને દૂર કરવાની, પોતાનો અધિકાર મેળવવાની, યુદ્ધ કરવાની એક પદ્ધતિ છે. ગાંધીજીને મન સત્યાગ્રહ એ ટેકનીક નહોતી. ગાંધીજીને મન સત્યાગ્રહ એ જીવનશૈલી અને જીવનદર્શન હતું એટલું આપણે સમજી લેવું જોઈએ. એ જો ન સમજીએ તો આપણે સત્યાગ્રહના અર્થને બહુ મર્યાદિત કરી નાખીએ છીએ.

ગઈકાલે દલપતભાઈએ જૂનાં ભજનો સંભળાવ્યાં, તેમાં ગુરુ શબ્દ વારંવાર આવતો. મને થયું કે આ ગુરુ શબ્દનું આપણે કેટલું ડિવેલ્યુએશન કરી નાખ્યું છે ? ક્યાં એ ભજનોનો ગુરુ ને ક્યાં આજનો ગુરુ ? (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ